ચિલોડા ફુટપાથ ઉપર જુના કપડાંઓમાંથી ગોદડીઓ બનાવવાનું અનોખુ હુન્નર

@ગાંધીનગર

● સેકટર-૨, સ્વામિનારાયણ મંદિર ખાતે ચતુર્થ દિવસની શ્રીમદ્ સત્સંગી જીવન પંચદિનાત્મક પારાયણ કથા સવારે ૮ થી ૧૧.૩૦ કલાકે તથા બપોરે ૩ થી ૫ કલાકે યોજાશે.

● કોલવડા, ગોરા હનુમાનજી મંદિર ખાતે દ્વારકાદાસજી બાપુ તિથિ નિમિત્તે રાત્રે ૯.૦૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.

● વાવોલ, વૈદેહી રેસીડેન્સી ખાતે રાત્રે ૮.૦૦ કલાકે યુવા કથાકાર શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# સચિવાલય સામે કાર સળગી ગઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સચિવાલય સામે ચ માર્ગ પર સવારના સુમારે રસ્તા પર જતી સ્વીફટ ડિઝાયર કાર અચાનક સળગી ઉઠી હતી. કારનો આગળનો ભાગ બળીને ખાક થઈ ગયો હતો. . કારમાં સવાર પાંચ વ્યકિતઓનો આબાદ બચાવ થયો હતો. જયારે ઓફીસ ટાઈમ હોવાથી રસ્તામાં જ કાર સળગતા અન્ય વાહનવ્યવહાર થોડો સમય અટકી ગયો હતો. જેને પગલે ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા.



ગાંધીનગર શહેરમાં રસ્તામાં જઈ રહેલી કાર સળગી ઉઠવાના કિસ્સામાં વધારો થવા પામ્યો છે. નગરમાં મોટાભાગની કારો ગેસ સંચાલીત હોય છે આ ગાડીઓમાં સામાન્ય પણ શોર્ટસર્કીટ થાય તો પણ ગેસ સંચાલીત ગાડી તુરત જ આગ પકડી લે છે.જેને પરિણામે રસ્તે જતી કારો અચાનક નગરના રસ્તા પર ભડભડ સળગતી જોવા મળે છે. ત્યારે ગાંધીનગરના સચિવાલયની સામે ચ માર્ગ પર સવારના સાડા દસના સુમારે અમદાવાદ ખાતે સંબધીના બેસણામાંથી પેથાપુરનો પરિવાર ઘરે પરત જઈ રહ્યો હતો.તે દરમિયાન અચાનક સ્વીફટ ડિઝાયર કારના આગળના ભાગે ધુમાડો નીકળતો હોવાનું કાર ચાલકને ધ્યાને આવતા કાર રસ્તા વચ્ચે પાર્ક કરી દીધી હતી. અને પરિવારને તાત્કાલીક નીચે ઉતારી જવા જણાવ્યું હતું . ગાડીમાંથી પરિવાર બહાર નીકળ્યું તેટલા સમયમાં તો કારમાં અચાનક સળગી ઉઠી હતી. પોતાની નજર સામે જ કાર સળગી ઉઠતા પરિવાર પણ હેબતાઈ ગયો હતો. જોકે કારનો આગળનો બોનેટનો ભાગ બળીને ખાક થઈ જવા પામ્યો હતો. સદનસીબે કારમાં સવાર પરિવારનો આબાદ બચાવ થયો હતો. સચિવાલય જવા માટે કર્મચારીઓનો સવારના સુમારે ભારે ધસારો હોય છે. ત્યારે ચ માર્ગ પર આ બનાવને પગલે ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા. તો બીજીતરફ કાર સળગતી જોવા માટે લોકોના ટોળા એકઠા થયા હતા. પરંતુ શહેરમાં ગેસ સંચાલીત કાર રસ્તા વચ્ચે સળગી ઉઠવાના બનાવમાં વધારો થવા લાગ્યો છે.

## એસ.ટી.ડેપોમાં નગરજનો દ્વારા આડેધડ પાર્કીગથી તંત્ર હેરાન



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં નગરજનો દ્વારા આડેધડ પાર્કીગથી ડેપોના બસચાલકોને પારાવાર હાલાકી ભોગવી રહ્યા છે. જયારે ટુ-વ્હીલર ચાલકો એ તો હદ વટાવી અમદાવાદ તરફ જવાના પ્લેટફોર્મ સુધી પાર્કીગ કરતા નજરે પડયા છે. ત્યારે આવા વાહનચાલકો સામે તંત્રએ લાલ આંખ કરવાની જરુર છે.

ગાંધીનગરમાં શિયાળાની સિઝનમાં કુકરવાળાથી ૬૦ થી વધુ વેપારીઓ લીલું લસણ,ડુંગળી, લીલુ લસણ, મેથી,મુળા,ધાણાનો વેપાર કરવા માટે આવે છે. ગામડાના હોવાછતા આ વેપારીઓ રુપીયા ખર્ચીને પાર્કીગમાં પોતાની ટ્રાયસિકલ વ્યવસ્થિત કોઈને અડચણરુપ ન થાય તેની કાળજી રાખીને પાર્કીગ કરે છે. ત્યારે શહેરના શિક્ષીત વાહનચાલકો આડેધડ પાર્કીગ કરીને શું સાબિત કરવા માંગે છે.



ગાંધીનગર એસટી ડેપોમાં વાહનની પરવાનગી નહિ હોવા છતા નગરજનો વાહન લઈ અંદર પ્રવેશ કરે છે. વાહનો લઈ મુસાફરોને મુકવા આવ્યા હોવાથી તંત્ર ચુપ હતું પરંતુ આ ખામોશીનો નગરજનો ભરપુર લાભ ઉઠાવી રહ્યા છે. વાહનો લઈ અંદર પ્રવેશ કરતા હતા નો પાર્કીગમાં પણ વાહનો મુકી પલાયન થઈ જતા હતા. પરંતુ અત્યારે હાલના સમયે તો શિક્ષિત નગરજનોએ ઈન ગેટની સામે થી અમદાવાદ તરફના પ્લેટફોર્મ સુધી વાહનોની લાઈન લાગે છે. આ વાહનો નડતરરુપ હોવાથી એસટીના બસ ચાલકોને પણ પારાવાર હાલાકી ભોગવવી પડે છે. તેમજ જો કોઈ વાહનને બસ સામાન્ય પણ ટકરાઈ હોય તો ડેપોમાં મોટો બખેડો ઉભો થાય છે. અત્યારે હાલના સમયે પાર્કીગનું ટેન્ડર ઓછા ભાવનું ખુલ્યું હોવાથી છેલ્લા બે માસથી પાર્કીગની વ્યવસ્થા તંત્રના શિરે છે. આવી પરિસ્થિતમાં વાહનચાલકો તંત્રનો ભરપુર ફાયદો ઉઠાવતા હોય તેવું લાગી રહ્યું છે. ડેપોમાં આડેધડ પાર્કીગ કરતા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી ડેપોના તંત્રએ કરવાની જરુર છે.

વાતવાતમાં

● સેકટરોમાં દબાણ ઝુંબેશ હાથ ધરાઈ છે જેમાં ખાસ કરીન ઝુંપડા દ્વારા કરાયેલ દબાણો હટાવાઈ રહ્યાં છે. જો કે એકવાર હટાવાયેલા ઝુંપડા બે ત્રણ દિવસ બાદ ફરી તેજ જગ્યાએ પુન: નિર્માણ પામી જતા હોવાથી આખી ઝુંબેશ નાટકીય હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

● ચ-૩ સર્કલ નજીક થતા વધુ પડતા અકસ્માતો નિવારવા રોડ ડીવાઈડરના પ્રારંભિક ભાગોને વધુ પહોળા કરી જોવા પ્રાયોગિક ધોરણે સિમેન્ટ બ્લોકસ ગોઠવી દેવાયા હતા. આ પ્રયોગને ઘણો સમય વીતવા છતાં હજુ તેને કાયમી કરવા અંગે કોઈ પ્રક્રિયા હાથ ધરાઈ નથી.

● ગત વર્ષે શિયાળામાં શહેરમાં સૌરાષ્ટ્રનું પ્રખ્યાત પીણું ‘કાવો’ મળતું હતું. આ વર્ષે કાતિલ ઠંડીનું મોજું આવતા જ શોખીનો રાત્રે કાવો શોધવા ફરી રહ્યાં છે પરંતુ કયાંય મળતો નથી.

● શીત લહેરના પગલે સ્વર્ણિમ પાર્ક ખાતે કસરત સાધનો પર વ્યાયામ કરવા આવતા સ્વાસ્થ્ય પ્રેમીઓની સંખ્યા એકદમ ઘટી જવા પામી છે. સવારે ઠંડી સાથે પવનનું જોર પણ હોવાથી મોર્નિંગ વોકર્સમાં ઘટાડો નોંધાયો છે.

● ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી દ્વારા નગરજનોને પક્ષમાં જોડાવા અપીલ કરતા હોર્ડીગ્સ અનેક ઠેકાણે લગાડાયા છે. ‘દિલ્હી મેં લગ ગયા ઝાડુ અબ ગુજરાતમેં લગેગા ઝાડુ’ જેવા સૂત્રો સાથે સોશ્યલ મિડીયા પર પણ સદસ્યતા અભિયાન ચલાવાઈ રહ્યું છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

### જીઆઈપીએસ શાળામાં કાવ્યપઠન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

તાજેતરમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે અંગ્રેજી કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નર્સરી, જુ.કે.જી., સી.કે.જી.ના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને બાળકોએ સરસ રીતે કાવ્ય પઠન કર્યું હતું. આ સ્પર્ધા વિદ્યાર્થીઓમાં કાવ્યાત્મકતાના ગુણો ખીલે અને સાહિત્ય પ્રત્યેનો રસ કેળવાય તે હેતુથી કાવ્ય પઠનની સ્પર્ધા કરાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ હાજર રહી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં શાળાના આચાર્યા શિક્ષકગણ અને સ્ટાફ પરિવાર હાજર રહ્યો હતો.

## આંતર વિભાગીય ક્રિકેટ મેચમાં નાણા વિભાગનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા.૧૪

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટમાં જીમખાના સે-૨૧ ખાતે નાણા વિભાગ અને રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં નાણાં વિભાગની ટીમનો ભવ્ય વિજય થયો હતો.

આ આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ મેચમાં રમતગમત વિભાગે પ્રથમ બેટિંગ લઈ ૧૯.૪ ઓવરમાં ૭૯ રન નોંધાવ્યા હતા. પ્રથમ બેટીગમાં રમત ગમત વિભાગ તરફથી કિર્તી સોલંકીએ ૧૬, ગણપત પુરોહિતે-૧૫, રાકેશ ગોસાઈએ ૧૫ અને વિપુલ પ્રજાપતિએ ૧૪ રન કર્યા હતા.

નાણા વિભાગની ટીમે ૧૮.૧ ઓવરમાં ૨ વિકેટ ગુમાવી ૮૦ રન કરતા ૮ વિકેટે વિજય મેળવ્યો હતો અને આ સાથે જ કવાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. નાણા વિભાગની બેટિંગમાં દિલીપસિંહ રાજપુતે ૩૪ રન, ધર્મિત જાનીએ ૩૩ રન મુખ્ય કર્યા હતા. મેચના અંતે ઓલ રાઉન્ડ દેખાવ બદલ ભરત ઠાકોરને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા તેમ નાણાં વિભાગની ટીમના મેનેજર દિનેશ દાણીએ જણાવ્યું હતું.

## રીમાન્ડ પરના ચોરીના આરોપી પાસેથી સવા લાખનો મુદ્દામાલ રીકવર

શહેરના સે-૧ વિસ્તારમાં ઘરફોડ ચોરી કરવા મકાનને ટાર્ગેટ બનાવી રહેલા એક ઘરફોડીયા શખ્સને સેકટર-૭ પોલીસે ઘરફોડ ચોરીને અંજામ આપે તે પહેલા જ ઘરફોડના સામાન સાથે રંગે હાથ ઝડપી પાડયો હતો અને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ માંગ્યા હતા જયારે પોલીસે રીમાન્ડ દરમિયાન ઉંડી પુછપરછ અને તપાસમાં આ આરોપી પાસેથી મોંઘીદાટ કાંડા ઘડિયાળ, રોકડ રકમ અને લેપટોપ સહિતનો સવા લાખથી વધુનો મુદ્દામાલ રીકવર કર્યો હતો. પી.એસ.આઈ.વી.યુ. ગડરીયા તથા તેમની ટીમે આ આરોપીની સામે હજુ પણ કાર્યવાહી તથા તપાસ ચાલુ રાખી છે અને હજુ પણ મુદ્દામાલ રીકવર થાય તેની શકયતા જણાય છે.



### અવસાન નોંધના સમાચાર અંગે સ્પષ્ટતા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સમાચારમાં તા.



૧૪ ડીસેમ્બર ૨૦૧૫ા રોજ ગૌતમભાઈ અનંતરાય આચાર્યના અવસાન અંગે શરતચુકથી સમાચાર પ્રસિધ્ધ થયા હતા. ભળતા નામના લીધે તેમને અંજલિ અર્પતા સમાચાર ભૂલથી પ્રસિધ્ધ થતાં ગાંધીનગર સમાચાર દિલગીરી વ્યકત કરે છે. ગૌતમભાઈ અનંતરાય આચાર્ય હાલ સંપૂર્ણ સ્વસ્થ હાલતમાં છે. જેની સૌ વાચકોએ નોંધ લેવી.

### લેકાવાડા સ્કૂલમાં ચૈતન્ય ઉત્સવ ૨૦૧૫નું આયોજન

ગાંધીનગર, તા.૧૪

લેકાવાડા સ્થિત ચૈતન્ય સ્કૂલ ખાતે આગામી તા. ૧૮મી અને ૧૯મી ડિસેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે ચૈતન્ય ઉત્સવ ૨૦૧૫નો કાર્યક્રમ યોજાશે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ વિવિધ કૃતિઓ રજૂ કરશે. શિયાળાની ફુલગુલાબી ઠંડીમાં શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓ આધારે વિદ્યાર્થીઓની આંતરિક શકિત નિખારવા પ્રયાસ કરવામાં આવે છે. જેના લીધે બાળકોમાં રહેલી ઈતર પ્રવૃત્તિઓનું સંચાર થાય છે. જે અંતર્ગત તા. ૧૮મી ડિસેમ્બરના રોજ ચૈતન્ય શાળામાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય મહેમાન પદે પ્રેમધારા શીશુવિહારના ડાયરેકટર આશા પાડિયન તથા તા. ૧૯મી ડિસેમ્બરના રોજ બકેરી એન્જિનિયર અને ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડના ડાયરેકટર પવન બકેરી ઉપસ્થિત રહેશે.

## ચિલોડા ફુટપાથ પર જુના કપડાંઓમાંથી ગોદડીઓ બનાવવાનું અનોખુ હુન્નર

### પરપ્રાંતિય શ્રમજીવીઓનું ફૂટપાથ એ ઘર અને ગોદડીઓ આજીવીકા, બારેમાસના ધંધા પૈકી ઠંડીમાં વેચાણ વધુ

ગાંધીનગર, તા.૧૪

રાજયભરમાં હાથ બનાવટના વિવિધ હુન્નરો થકી ઘરગથ્થુ ચીજવસ્તુઓનું વેચાણ કરી પેટીયુ રળી લેતા અનેક શ્રમજીવીઓ જીવન ગુજારે છે. જેમાં ચિલોડા ફુટપાથને જ ઘર બનાવી પરપ્રાંતિયોએ ગોદડી બનાવવાનો અનોખો હુન્નર અપનાવ્યો છે. જુના ફાટેલા કપડાઓમાંથી ઓઢવા પાથરવાની ગોદડીઓનું બહુ મોટું કલેકશન હાઈવેની જ બાજુમાં નજરે પડે છે. દૈનિક ચાર થી પાંચ ગોદડીનું વેચાણ કરી રોજી રોટી મેળવી લેતા આ શ્રમજીવીઓની હાથકળાને જો યોગ્ય રીતે પ્રોત્સાહિત કરાય તો આ હુન્નર ઘેર ઘેર પ્રસિધ્ધ અને જરૂરિયાત બને તેવું જણાઈ રહ્યું છે.

પાટનગરના પડોશી એવા ચિલોડામાં હિંમતનગરથી અમદાવાદ તરફ જતા હાઈવેની ફુટપાથ ઉપર રંગબેરંગી ગોદડીઓના વ્યવસ્થિત ઢગલા નજરે પડતાં જ કુતુહલતા પેદા થાય તે પસાર થતા વાહનચાલકોમાં સ્વાભાવિક બન્યું છે. આ રંગબેરંગી ગોદડીઓ વેચાણ અર્થે મુકાયેલી છે. રાજસ્થાનથી આવેલા શ્રમજીવીઓએ જુના અને



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ફાટેલા કપડાઓમાંથી પોતાના હુન્નર થકી ગોદડીઓ બનાવી છે. જેને તેઓ નજીવી કિંમતે વેચાણ કરી પોતાના પરિવારનું ભરણ પોષણ કરે છે.

આ અંગે શ્રમજીવી વિનુભાઈ મારવાડીએ જણાવ્યું હતું કે અમો રાજસ્થાનથી પેટીયુ રળવા સહપરિવાર ચિલોડા ફુટપાથ ઉપર આવી વસ્યાં છીએ. અમદાવાદથી જુના ફાટેલા કપડાઓની ગાંસડીઓ ખરીદી લાવીએ છીએ. જેમાં ૩૦૦ થી ૪૦૦ ગાંસડીમાંથી ૨૦ નંગ ગોદડી બને છે અમો એક નંગ ગોદડી રૂ. ૩૦માં વેચાણ કરીએ છીએ. ગોદડી બનાવવા માટે સોય-દોરા અને અમારી આકરી મહેનત હોય છે. ચિલોડા હાઈવે નજીક હોવાથી સૌથી વધુ ટ્રક ચાલકો આ ગોદડીનો ઉપયોગ કરે છે તેમજ કેટલાક જીવદયા પ્રેમીઓ કુતરાઓને ઠંડીમાં રક્ષણ આપવા ગોદડીઓ લઈ જાય છે તો માનસિક અસ્થિર વ્યકિતઓને પણ આ ગોદડીઓ અપાય છે જો કે બારેમાસ ધંધા પૈકી ઠંડીની ઋતુમાં સૌથી વધુ ધંધો થતો હોવાનું વિનુભાઈ જણાવે છે. પરિવારમાં બાળકોના અભ્યાસની ચિંતા રહે છે પરંતુ બારેમાસ ફુટપાથ ઉપર જ રહેવાનું થતું હોઈ ચિલોડાની પ્રાથમિક શાળામાં બાળકો કયારેક જતા હોવાનું જણાવી રહ્યા છે.

મહેનત થકી આજીવિકા રળતા આવા શ્રમજીવી પરિવારોને સરકારી સહાય પ્રાપ્ત થાય અથવા તો રહેવા માટેનું ઘર મળે તેવું આયોજન થાય તે હાલની તેમની વિકટ સ્થિતિ ઉપરથી લાગી રહ્યું છે છતાં પણ મહેનત તેજ તેમની ખુમારી હોવાનું સ્પષ્ટ વર્તાતુ રહ્યું છે.

# પ્રકૃતિ ઉધાનના પ્રાણીઓને ઠંડી સામે રક્ષણ

ગાંધીનગર, તા.૧૪

કાશ્મીરમાં હિમવર્ષાને પગલે સમગ્ર ઉતર ભારત પાર કરીને ઠંડીની લહેર છેક ગુજરાતમાં ફરી વળી છે.



ત્યારે શહેરમાં સતત ચોથા દિવસે પણ ઠંડીનો ચમકારો રહેતા નગરજનો ઠુંઠવાયા છે. આકરી ઠંડીના લીધે શહેરીજનો સાંજ ઢળતાં જ ઘરમાં પુરાઈ જાય છે. ત્યારે નગરમાં પડી રહેલી હાડ થીજાવતી ઠંડીમાં મુંગા પશુ-પક્ષીઓની શું હાલત થતી હશે. ત્યારે ગાંધીનગરના જ માર્ગ પર આવેલા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં અનેક સરિસૃપો, તેમજ પશુ-પક્ષીઓ છે. આ પ્રાણીઓને કડકડતી ઠંડીમાં રક્ષણ આપવા માટે તંત્રએ ૬ સ્થળોએ હીટર સહિતની સુવિધા ઉપલબ્ધ કરી છે.

હાલમાં દેશના ઉતરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષા થઈ રહી છે.જેને પગલે રાજયમાં પણ ઠંડીની સીધી અસર જોવા મળી રહી છે. આગામી દિવસોમાં ગાત્રો થીજાવતી ઠંડી પડવાના યોગ છે. ત્યારે શહેરમાં પણ સતત ચોથા દિવસે ઠંડીનો ચમકારો યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં હાડ થીજવતી ઠંડીને કારણે લોકો ગરમમાં પુરાઈ રહે છે. કાતીલ ઠંડીને પગલે નગરના રાજમાર્ગો પર વાહનોની ચહલ-પહલ ઓછી જોવા મળતા માર્ગો સુમસામ ભાંસે છે. ઠંડીથી રક્ષણ મેળવવા નગરજનો દિવસ દરમ્યાન સ્વેટર,મફલર,ટોપી,જેકેટ,સહિતના ગરમ વસ્ત્રોમાં સજ્જ હોય છે. શહેરીજનો ઠંડીના સુસવાટા મારતા પવન વચ્ચે કામ હોય તો જ ઘરમાંથી બહાર નીકળે છે તેવી પરિસ્થિત વચ્ચે નગરના મુંગા પશુ-પક્ષીઓની શું હાલત થતી હશે. તે વિચારતા જ શહેરના પ્રાણીપ્રેમીઓ કાંપી ઉઠે છે. ત્યારે શહેરના જ માર્ગ પર આવેલા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પશુ-પક્ષીઓ સરિસૃપો મોટીસંખ્યામાં છે. નગરમાં સતત પડી રહેલી કાતિલ ઠંડીને લઈ પ્રકૃતિ ઉદ્યાન તંત્ર સજાગ છે. પશુ -પક્ષીઓ માટે સુસવાટા મારતા પવન જે દિશામાંથી આવે છે. તે દિશામાં આડસ ઉભી કરી રક્ષણ આપવામાં આવી રહ્યું છે. જયારે સરિસૃપો માટે કંતાનના કોથળા, સુકું ઘાસ તેમજ માટલામાં બલ્બ મુકી હુંફ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રકૃતિ ઉદ્યાનમાં ચાર દિપડા, એક વાઘ, ૩૦૦ હરણ, ૫૦ મગર,અજગર, વિવિધ જાતના સાપ,શિયાળ, સહિત પશુ-પક્ષીઓ આવેલા છે. આ તમામ પ્રાણીઓ માટે તંત્ર દ્વારા ૬ એનીમલ હાઉસ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં વધુ ઠંડી લાગતી હોય તેવા પ્રાણીઓને હીટર દ્વારા ગરમી આપવામાં આવે છે. આ અંગે પ્રકૃતિ ઉદ્યાનના કર્મચારીઓએ જણાવ્યું હતું કે પશુ-પક્ષીઓમાં કુદરતી તાકાત હોય છે કે ગમે તેવી પરિસ્થિત સહન કરવાની શકિત હોય છે. આ પડી રહેલી ઠંડીને પગલે પ્રાણીઓને હુંફ મળી રહે તેવી વ્યવસ્થા અગાઉથી ગોઠવી છે. પશુ-પક્ષીઓ સવારે બહાર તેમજ રાત્રે અંદર તેમના સ્થળે રાખવામાં આવે છે. જેમા ઠંડીમાં રક્ષણ મળી રહે તેની વ્યવસ્થા છે. પ્રકૃતિ ઉદ્યાનના તમામ સ્થળો પર આડશ ઉભી કરવામાં આવી છે. છતા કોઈ પણ પ્રાણીને વધુ ઠંડી લાગે તો ૬ જગ્યાએ એનીમલ હાઉસ ઉભા કરાયા છે. જેમાં તેમને હીટર દ્વારા હુંફ પુરી પાડવામાં આવે છે.

ઈન્દ્રોડા પ્રાકૃતિક ઉધાનમાં ઠંડીમાં હીટર તેમજ આડશ ઉભી કરીને પ્રાણીઓ તેમજ પક્ષીઓને રક્ષણ આપવામાં આવે છે



(તસવીર : કશ્યપ નિમાવત)

### શ્રીમતી એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ચાલતી વિવિધ સહ અભ્યાસી પ્રવૃત્તિ અંતર્ગત તા. ૧૦.૧૨.૨૦૧૫ના રોજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં ધોરણ-૩ થી ૮ ની ૧૭૮૫ વિદ્યાર્થીનીઓ જોડાયેલ, સ્પર્ધાના વિષયો મનપસંદ ચિત્રો, ચોરસમાં ડિઝાઈન, કારેલાની ડાળી રાખેલ હતા.

આ સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીનીઓ અનુક્રમે પ્રથમ અને દ્વિતીય સ્થાને ગ્રીષ્મા, ધ્રુવી પરમાર (ધોરણ-૩), પટેલ ધ્રુવી, હિમાની (ધોરણ-૪), જીનલ, આરતી (ધોરણ-૫), જૈની, અદિતી (ધોરણ-૬), નેમિષ બાનુ, ઝનકાર (ધોરણ-૭), પ્રિયા, જાનવી (ધોરણ-૮) હતા. સમગ્ર સ્પર્ધાનું આયોજન શાળાના મદદનીશ શિક્ષકો હસમુખભાઈ પટેલ અને દિવ્યેશભાઈ રાવલે કરેલ. વિજેતા વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્યા નીરુબેન જે. પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. નારણભાઈ નાનજીભાઈ કાંગસીયા, ઉ.વ. ૯૫
- સ્વ. દેવુબા બબાજી સોલંકી, ઉ.વ. ૬૫
- સ્વ. લાડુબેન મોતીજી ઠાકોર, ઉ.વ. ૧૦૫
- સ્વ. રણજીતસિંહ અંબારામજી ચૌહાણ, ઉ.વ. ૪૮